જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૦૧/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૧૬૧ લીટર દેશી દારૂ, ૦૪ બોટલ ઈંગ્લીશ અને પપ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૪૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ પ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૨/૨૦૨૬**

કાલુપુરઃ મહેન્દ્રભાઇ છનાજી ઠાકોર (રહે. જાલમપુરીના છાપરા સરસ્વતી સ્કુલની બાજુમાં સરસપુર) એ તા.૦૨/૦૧/૨૦૨૬ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મહેન્દ્રભાઇ ઠાકોર નાઓ પેંડલ રિક્ષા ચલાવી મજુરી કામ કરતા હોય તા.૨૯/૧૨/૨૦૨૫ સાંજના ૦૫/૧૫ વાગ્યાના સુમારે કાલુપુર રેવડી બજાર એચ.એચ.માર્કેટ બહાર પેંડલ રીક્ષામાંથી (૧) ડ્રેસ મટીરીયલ્સના માલ પાર્સલ નંગ–૨ કિમત રૂપિયા ૫૩,૨૫૭/– (૨) દુપટ્ટાનો માલ પાર્સલ નંગ–૧ કિમત રૂપિયા ૨૧,૧૦૫/– અને (૩) શર્ટના કાપડનો માલ પાર્સલ નંગ–૧ કિમત રૂપિયા ૪૦,૭૬૧/– મળી કુલ રૂપિયા ૧,૧૫,૧૨૩/– મતાનો માલ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ટી.કે.બ્રહ્મભટ્ટ ચલાવે છે.

ઈસનપુરઃ ભાર્ગવભાઇ નટવરભાઇ સોલંકી (રહે.પુજાવાળાની ચાલી બાલભવન સામે અમરાઇવાડી) એ તા.૦૨/૦૧/૨૦૨૬ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ચંડોળા તળાવની વચ્ચે ફાઉન્ટેન કુવારો લગાવવાનો હોય તા.૨૯/૧૨/૨૦૨૫ ના રોજ ઇસનપુર હેલ્થ મસ્ટર ઓફીસ સામે ચંડોળા તળાવના કિનારા નજીક ફાઉન્ટેન કુવારો કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/– મુકેલ હતો. તા.૦૨/૦૧/૨૦૨૬ ના રોજ ફાઉન્ટેન કુવારો લગાવવા જતા કુવારો જોવા મળેલ નહી જે ફાઉન્ટેન કુવારો અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.આર સોલંકી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી